## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ચોક્કસ જમાનો બદલાયો છે... અમારા જમાનામાં ફિલ્મનાં પડદા પર મારામારી થતી... હવે થિયેટરમાં થવા લાગી છે...

# સિવિલમાં નવીન દવાનો સ્ટોર બનાવવાની કામગીરીનો પ્રારંભ

### જુની આરએમઓ ઓફિસ તોડવાનું કામ શરુ કરાયું

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કેસ માટે ટોકન સિસ્ટમનો પ્રારંભ કર્યો હોવા છતા પણ હજુ સિવિલમાં લાંબી લાઈનો જોવા મળે છે. ત્યારે અગાઉ ઉચ્ચ અધિકારીઓએ કરેલી સુચનાને પગલે આખરે સિવિલ સત્તાવાળાઓ દ્વારા કેસ પેપરની પ્રિન્ટ કરવાની અને કેસ માટે લાંબી લાઈનોના દ્રશ્યો ભુતકાળ બની જશે.

પાટનગરમાં મેડીકલ કોલેજ બનતા આરોગ્યલક્ષી સુવિધામાં વધારો થવા પામ્યો છે. તાવથી માંડીને કીડની સુધીની સારવાર દર્દીઓને સરળતાથી મળી રહે છે. ત્યારે પાંચ માળની ઓપીડી અને આઠમાળની ઈમારત દર્દીઓથી ઉભરાયેલી જોવા હતી. અને દવા અને કેસબારીની ડીઝાઈનમાં ફેરફાર પણ કર્યા હતા. હાલ જયાંથી ઓપીડીના કેસ નીકળે છે. ત્યાં બારીઓની સંખ્યા વધારીને વધુ ઓપરેટર મુકીને ત્યાં દર્દીને લાઈનમાં ન ઉભુ રહેવું પડે તે ઝડપે કેસ નીકળે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. તો બીજીબાજુ કેસ પેપરની સામેની બાજુમાં દવાનો



બારીઓ વધારવાની કામગીરીનો પ્રારંભ કરી દેવાયો છે. જયારે જુની આરએમઓ ઓફિસ અને તેની આસપાસના સ્થળે તોડફોડની કામગીરીની શરુઆત કરી દીધી છે. જયારે તેની સામેના ભાગમાં દવાઓનો અલાયદો સ્ટોર ઉભો કરવામાં આવશે. હવે દવા અને કેસ બારીના નવીનીકરણમાં ૬ બારી કેસની અને ૬ બારી દવાની રહેશે.જેને પગલે હવે સિવિલમાં દવા મળે છે. ત્યારે રોજના હજ્જારો દર્દીઓ ઓપીડી વિભાગમાં આવતા કેસ અને દવાબારી પર દર્દીઓની લાંબી લાઈનો જોવા મળે છે. ત્યારે કેસ પેપરમાં ટોકન સિસ્ટમનો અમલ કરવા છતા ઓપીડી સમય દરમિયાન દર્દીઓની લાંબી લાઈનો કેસ-દવાબારી પર રહે છે. ત્યારે કેસ અને દવાની બારીઓ પરથી લાઈનો દુર કરવા આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓએ સુચના પણ કરી અઠવાડીયાનો સ્ટોર રહે તેવો સ્ટોરરુમ બનાવવામાં આવશે અને છ જેટલી દવાબારીઓ પણ બનાવવામાં આવશે . જેનો અનુલક્ષીને પીઆઈયુ વિભાગ દ્વારા કામગીરીનો પ્રારંભ કરી દેવાયો છે. ટુંક સમયમાં દવાનો સ્ટોર અને દવાની નવી બારીઓ કાર્યરત થતા દર્દીઓની લાંબી લાઈનોમાંથી છુટકારો મળશે તેવો સિવિલના અધિકારીઓનો દાવો છે.

# શહેરના શાકમાર્કેટમાં ડુંગળીના ભાવમાં તોંતિગ વધારો યથાવત

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરના શાકમાર્કેટમાં ડુંગળીનો ભાવ હજુ પણ આસમાનને આંબે છે. છેલ્લા ઘણા સમયથી ડુંગળીના ભાવમાં તોંતિગ વધારો થવા પામ્યો છે. થોડા માસ અગાઉ શાકભાજીના ભાવ પણ ભડકે બળતા હતા. જેની સાથોસાથ ટામેટા અને ડુંગળીના કિલો રૂ.૬૦ થયા હતા જેમાં ટામેટાનો ભાવ કાબુમાં આવી ગયો છે અત્યારે હાલ શાકભાજીના ભાવ નિયત્રંણમાં આવી ગયા છે.



મોટાભાગના શાકભાજી કિલો રૂ.૧૦થી ૨૦ના ભાવે વેચાણ થયા છે. પરંતુ ડુંગળીનો ભાવ ચાર માસ થવા છતા ઘટવાનું નામ લેતો નથી. ત્યારે ડુંગળીનો ભાવ સાંભળીને ગૃહિણીઓની આંખમાં આંસુ આવી જાય છે. જયારે ડુંગળીના ભાવને પગલે હોટલ, રેસ્ટોરન્ટ, સહિત ખાણીપીણીના સ્ટોલ પરથી ડુંગળી અદ્રશ્ય થઈ જવા પામી છે.

જયારે શહેરમાં ૪૦૦ બોરીના સ્થાને માત્ર ગણતરીની બોરી જ ડુંગળી આવતા તેના ભાવ કાબુમાં આવતા નથી.નાસિક તેમજ કાઠીયાવાડ તરફથી રોજની હજ્જારો કિલો ડુંગળી બજારમાં ઠલવાતી હતી પરંતુ છેલ્લા ઘણા સમયથી બજારમાં ડુંગળીનું ઉત્પાદન ઓછુ હોવાથી જરુરી હોય તેટલી ડુંગળી બજારમાં નહી આવતા ભાવ ભડકે બળી રહ્યા છે. ત્યારે શહેરીજનો ડુંગળીનો ભાવ ક્યારે ઘટશે તેની રાહ જોઈને બેસી રહ્યા છે.

# જાયકા-જાપાનના ગુજરાત ચેપ્ટરના પ્રમુખપદે સંજીવ મહેતા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરના સામાજિક તથા રાજકીય એક્ટિવીસ્ટ સંજીવ મહેતાની વરણી જાપાન ઈન્ટરનેશનલ કોર્પોરેશન એજન્સી,



ગુજરાત ચેપ્ટરનાં ચેરપર્સન તરીકે કરવામાં આવી છે.

ભાજપ ગુજરાતના વિદેશ વિભાગના કન્વીનર સંજીવ મહેતા અમેરિકા, ઈઝરાયેલ, ટર્કી, યુરોપિયન યુનિયન અને ઈસ્ટ આફ્રિકાના દેશો સાથે ગુજરાત અને તે દ્વારા ભારત દેશની મંત્રી માટે સતત કાર્યરત રહ્યા છે. સીસ્ટર સીટી પ્રોજેક્ટના તજજ્ઞ સંજીવ મહેતાએ જણાવ્યું છે કે, આગામી દિવસોમાં શાળા-મહાશાળા કક્ષાએ જાપાની કલ્ચર, ધંધા-રોજગાર, ગરીબ સેવા વગેરે કાર્યક્રમો હાથ ધરવાની સાથે જાપાન ખાતે ગુજરાતીઓને બુલેટ ટ્રેનમાં પ્રવાસ કરવા લઈ જવામાં આવશે. સંજીવ મહેતાએ વધુમાં જણાવ્યું હતુ કે, ગાંધીનગરના ભાટ ખાતે આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટીટ્યુટમાં ભારત-જાપાન મૈત્રી સંબંધે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં રિન્યુએબલ એનર્જી તથા ઊર્જાબચત માટે વિશેષ માર્ગદર્શન આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે જાયકા-જાપાન બેંક દ્વારા સમગ્ર બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું આર્થિક ધિરાણ કરવામાં આવે છે.

# અમેરિકાથી આવેલા ૨૮ વિદ્યાર્થીઓએ ગ્રામીણ સમસ્યાઓ અંગે નવતર ઉકેલ શોધ્યા

### આઈઆઈટી ગાંધીનગર ખાતેના વર્કશોપ અંતર્ગત પાલજ ગામનો અભ્યાસ કરી વિદ્યાર્થીઓએ મહિલાઓથી માંડીને વાહનવ્યનવહાર અને પર્યાવરણની સમસ્યાઓ અંગે રસપ્રદ ઉકેલ સૂચવ્યા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર ખાતે અમેરિકાથી ૨૮ વિદ્યાર્થીઓ પધાર્યા હતા. જેમણે ગ્રામીણ વિસ્તારનો અભ્યાસ કરીને વિવિધ સમસ્યાઓ જેવી કે કચરાનો નિકાલ, ગ્રામીણ પર્યાવરણનુ જતન, આ સમયગાળા દરમ્યાન પાલજ ગામ તથા અમદાવાદની મુલાકાત લઈ વિવિધ સમસ્યાઓનો અભ્યાસ કર્યો હતો. આ અભ્યાસના અંતે તેમણે મહિલાઓ માટે તેમના માસિક ધર્મ દરમ્યાન કોઈ ચેપના ભોગ ના માર્બલ જાર' અંતર્ગત રંગબેરંગી લખોટીઓની બરણી વડે વિદ્યાર્થીઓને વિવિધ શૈક્ષણિક સમસ્યાઓનો ઉકેલ લાવવા અને ગ્રામીણ વસાહતીઓ માટે માઈક્રો ફાઈનાન્સ અંગે આર્થિક અને




શિક્ષણ વ્યવસ્થા, વાહનવ્યવહાર વગેરે અંગે રસપ્રદ તારણો રજૂ કરવા સાથે નવીનતમ ઉકેલ પણ સૂચવ્યાં છે. 'ડિઝાઈન ફોર બિલિયન' નામે ગાંધીનગરની પાલજ ખાતેની આઈઆઈટીના યોજાયેલ વર્કશોપમાં આ વિદ્યાર્થીઓ ભાગ લેવા અમેરિકાની ધ ન્યૂયોર્ક સ્કૂલમાંથી આવ્યાં હતા અને તેમની સાથે તેમના બે અધ્યાપકો પણ જોડાયા હતા.

આઈઆઈટી ગાંધીનગર દ્વારા આયોજનના બે સપ્તાહના 'ડિઝાઈન ફોર બિલિયન' વર્કશોપમાં સામેલ થયેલા ૨૮ અમેરિકન વિદ્યાર્થીઓએ બને તે માટે સાફ માહવારી અંતર્ગત લઘુત્તમ કિંમતની પોર્ટેબલ સેનેટરી કીટ તૈયાર કરી છે. આ ઉપરાંત ગ્રામીણ મુસાફરો માટે 'ટ્રાન્સપોટેટોઝ' નામનું સ્માર્ટકાર્ડ તૈયાર કર્યુ છે. જેમાં સ્માર્ટફોનના ઉપયોગ વડે તેઓ વિવિધ વ્યવહારો કરી શકે છે. ગ્રામીણ વિસ્તારમાં કપડાંની ધોલાઈ માટે લૉ-કોસ્ટ વૉશીંગમશીન પણ તેમણે તૈયાર કર્યુ છે. જેમાં સિરામિકના ટુકડાઓના ઉપયોગ સાથે કપડાંને વિજળી વગર સારી રીતે ધોઈ શકાય છે. આ ઉપરાંત આ વિદ્યાર્થીઓએ 'ધ પ્લાસ્ટિકના કચરાના નિકાલ અંગેની યોગ્ય વ્યવસ્થા ગોઠવી તેમના આરોગ્ય અંગે ઉપયોગી ડિઝાઈન રજૂ કરી હતી.

આઈઆઈટી ગાંધીનગરના પ્રાધ્યાપક પ્રો. અમિત પ્રશાંતે આ પ્રસંગે જણાવ્યું હતુ કે 'ભારતના ના હોય તે વિદ્યાર્થીઓએ ભારતના ગ્રામીણ વિસ્તારોમાં ભળીને વિવિધ સમસ્યાઓ અંગે જે ઉકેલો શોધ્યાં છે તે પ્રસંશનીય છે, આ મિત્રતા અને માણસાઈભર્યુ કદમ છે જેમાં આપણે વિવિધ પાંચેક સમસ્યાઓનું નવતર નિરાકરણ શોધી શક્યા છીએ.

# ખેડૂતો દ્વારા ખેતરમાં બનાવાતા આવાસોમાં વીજ કનેક્શન માટે વાણિજ્યદર વસૂલી સામે રોષ

### જિલ્લા સંકલન સમિતિમાં બળદેવજી ઠાકોરે કરેલી રજુઆત

ગાંધીનગર, તા. ૨૦

ગ્રામીણ વિસ્તારોમાં પાકના રક્ષણ માટે નાનકડુ આવાસ બનાવી રહેતા ખેડૂતોને વીજ કનેક્શન આપવા માટે લગાવાતા વાણિજ્ય દરો અંગે આજે કોંગ્રેસના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે જિલ્લા કલેક્ટર સમક્ષ સંકલન સમિતિમાં ઉગ્ર રજુઆતો કરી હતી.

તેમણે જણાવ્યુ હતુ કે આ કોઈ ફાર્મહાઉસ કે અન્ય ઉપયોગ ધરાવતા ઘરો નથી પણ તેમના પરિવાર સાથે રહી શકે તેમજ ખેતીનું રક્ષણ પણ થઈ શકે તે માટે ખેડૂતો ઘર બનાવતા હોય છે. તેમણે ખેતીક્ષેત્રના વીજ જોડાણો આપવામાં થઈ રહેલા વિલંબ અંગે પણ રોષની લાગણી વ્યક્ત કરી હતી.

આ રજુઆત પછી જી.ઈ.બી.ના અધિકારીઓ બેઠકમાં હાજર નહિ હોવાથી વધુ ચર્ચા થઈ ન હોવાનું જાણવા મળેલ છે. જો કે કલેક્ટરે આ અંગે જી.ઈ.બી. સત્તાવાળાઓ સાથે વિગતો મેળવી યોગ્ય કાર્યવાહીની ખાતરી આપી હોવાનું જાણવા મળેલ છે.

આ બેઠકમાં ધારાસભ્ય બળદેવજી ઠાકોરે કલોલ નગરપાલિકાના વિલેજીત બોડીના કામોને અપાયેલ મંજૂરીનો મુદો ઉઠાવ્યો હતો જે અંગે ચીફ ઓફિસર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી હતી કે આ અંગે સરકારમાં માર્ગદર્શન માંગવામાં આવ્યું છે.

આજની આ સંકલન સમિતિની બેઠકમાં માણસા બેઠક પરથી ચૂંટાઈ આવેલ સુરેશભાઈ પટેલ, દહેગામ બેઠક પરથી ચૂંટાઈ આવેલ બલરાજસિંહ ચૌહાણ પણ ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લા કલેક્ટરે ચૂંટણીમાં વિજયી થઈ આવેલા સભ્યોને આવકારી અને તેમનુ સ્વાગત કર્યુ હતુ. આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર પણ ખાસ હાજર રહ્યા હતા.

આ બેઠકમાં કલોલના પ્રશ્નો વધુ ચર્ચામાં આવ્યા હતા.

## કચ્છ ખાતે શહીદ ઉધમસિંહનું પોટ્રેટ મુકવા રજુઆત

ગાંધીનગર, તા. ૨૦

કચ્છ જિલ્લાના માંડવી ખાતે આવેલા ક્રાંતિતીર્થમાં દલિત શહીદ ઉધમસિંહનું પોટ્રેટ મુકવા માટે ગુજરાતી દલિત સાહિત્ય અકાદમીએ રજુઆત કરી હતી. પંજાબના અમૃતસરમાં થયેલા જલિયાંવાલા બાગ હત્યાંકાડ માટે જવાબદાર પંજાબના તત્કાલિન ગવર્નર માઈકલ ઓ ડાયરને ઉધમસિંહે લંડન જઈ ઠાર કર્યો હતો.

ગુજરાતી દલિત સાહિત્ય અકાદમીના પ્રમુખ પ્રવીણ ગઢવી, કવિઓ રમણ વાઘેલા, સાહિલ પરમાર અને પ્રવીણ શ્રીમાળીએ શ્યામજી વર્માના કચ્છ ખાતે આવેલા ક્રાંતિતીર્થમાં પોટ્રેટ મુકવા બાબતે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી ઈશ્વર પરમારને ૧૮મી જાન્યુઆરીના રોજ રજુઆત કરી હતી. તથા ઉધમસિંહ વિશેની ગુજરાતી બુકલેટ સહિત અન્ય સહાયક માહિતી આપી હતી.

## રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ દ્વારા જીગ્નેશ મેવાણીનું સન્માન કરાશે

ગાંધીનગર, તા.૨૦

વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણી તા. ૨૩-૧-૨૦૧૮ના મંગળવારના રોજ યોજાનાર વિધાનસભા શપથવિધી સમારોહમાં હાજર રહેવાના છે ત્યારે દલિત અધિકાર મંચના ૧૫૦થી વધારે કાર્યકરો દ્વારા સવારે ૧૦ કલાકે જીગ્નેશ મેવાણીનું ફુલહારથી સન્માન સે-૧૭ શોપીંગ સેન્ટર પાસે કરાશે.



ગાંધીનગર મહાનગરપાલીકાની આરોગ્ય શાખા દ્વારા મહાનગરપાલીકા વિસ્તારમાં વિવિધ સ્થળોએ આરોગ્ય અંગેની લોક જાગૃતિના હેતુથી શેરી નાટકોનું આયોજન શહેરી જાણીતી કલા સંસ્થા શ્રી સરસ્વતી કલાવૃંદના કલાકારો દ્વારા કરવામાં આવી રહ્યા છે. જેને અનુલક્ષી મહાનગર પાલિકા ના આરોગ્ય અધિકારી ડો. કલ્પેશ ગોસ્વામીના માર્ગદર્શન હેઠળ ખાસ કરીને વિવિધ સ્લમ વિસ્તારોમાં બેટી બચાવો - બેટી પઢાવો સંસ્થાકીય સુવાવડ, પોલીઓ, રસીકરણ સહિત મમતા દિવસ અને માતા બાળક અને કિશોરીના કુપોષણ ઉપર કલાકરોના અભિનય દ્વારા ભારપૂર્વકની રજુઆત કરવામા આવે છે. જે અંતર્ગત આજરોજ સેકટર-૩ ખાતેના સાંઈબાબા મંદિરના ચોકમાં એક આરોગ્ય માર્ગદર્શન સુંદર નાટય પ્રયોગ યોજવામાં આવેલ હતું જેને હાજર વસાહતીઓએ નાગરીકોએ વધાવી લીધું હતું.

## સિનિયર સિટિઝન્સ કાઉન્સિલની જાન્યુઆરી માસની બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ ગાંધીનગરની મહિલા પાંખની જાન્યુઆરી-૨૦૧૮ના માસની માસિક બેઠકનું આયોજન ૨૨મી જાન્યુઆરીને સોમવારના રોજ બપોરે ૩ કલાકે કરવામાં આવ્યું છે. આ બેઠક નમન એપાર્ટમેન્ટ, સે. ૨૧ના બદલે સેક્ટર-૭, સરકારી પ્રાથમિક શાળાના ગ્રાઉન્ડમાં યોજાશે. જેમાં શાળાના બાળકોની રમત-ગમતની હરિફાઈ યોજવામાં આવી છે. સંસ્થાના મહિલા કન્વિનર આશા દોશી દ્વારા સંસ્થાની સર્વે સભ્ય બહેનોને અચુક હાજર રહેવા આગ્રહ છે.

# આજથી વાવોલના ખોડિયાર ધામે પાટોત્સવનો શુભારંભ

ગાંધીનગર, તા. ૨૦

વાવોલ ખાતે આઈ શ્રી ખોડીયાર ધામ ખાતે ૨૧ અને ૨૨મી જાન્યુઆરીના દિવસે પ્રથમ પાટોત્સવનું આયોજન સોમમણી ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું છે. પાટોત્સવમાં રવિવારના રોજ ધવલકુમારના સ્વરમાં સુંદરકાંડનું આયોજન કરાયું છે, તથા વસંતપંચમીને સોમવારે સવારે નવચંડી યજ્ઞ રાખવામાં આવ્યો છે. આ જ દિવસે દેશભરમાંથી પધારેલા અનેક સંતો-મહંતોના સંત સંમેલન યોજાશે. તેમજ રાત્રે પ્રખ્યાત લોકગાયક હેમંત ચૌહાણના સ્વરમાં ખોડીયારમાતાના ફૂલોના ગરબાનું આયોજન પાઘડી શેઠ તરીકે જાણીતા સોમાભાઈ પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું છે.

રવિવારે સવારે પાવન પ્રસંગોની શરૂઆત થશે. જેમાં ૫.૧૫ કલાકે કુંભ સ્થાપના કરવામાં આવશે. સવારે ૮.૧૫ થી ૧૦.૧૫ કલાકે મંદિરના પુંજારી દ્વારા મૂર્તિપૂજન વિધિ કરવામાં આવશે. બપોરે ૧૨ વાગે અન્નકૂટનું આયોજન કરવામાં આવ્યું છે. સાંજે ૪ કલાકથી ૬ કલાક ધવલકુમારના સ્વરમાં સુંદરકાંડ યોજાશે. તેમજ રાત્રે ૬ થી ૮ કલાક સુધી પ્રસાદ આપવામાં આવશે. સોમવારે સવારે ૯.૧૫ કલાકે યજ્ઞના પ્રધાન આચાર્ય જયપ્રકાશ શાસ્ત્રીની ઉપસ્થિતિમાં નવચંડી યજ્ઞ યોજાશે. બપોરે ૨ થી ૫ વાગ્યે સંત સંમેલનમાં સ્વાગતવિધિ કરવામાં આવશે. સાંજે ૫ વાગે યજ્ઞ પૂર્ણાહુતિ થશે અને સાંજે ૬ થી ૮ કલાકે મહાપ્રસાદ આપવામાં આવશે. રાત્રે ૮.૩૦ થી ૧૨.૩૦ કલાકે પ્રખ્યાત કલાકાર હેમંત ચૌહાણના કંઠે ફૂલના ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. અખીલ ભારતીય પ્રજાપતિ મહાસંઘના રાષ્ટ્રીય મુખ્ય સંરક્ષક પાઘડીશેઠ દ્વારા સૌ ભાવિક ભક્તોને પાટોત્સવમાં સહકુટુંબ પધારવા આમંત્રણ છે.

# ડીએ-આઈઆઈસીટીનો ૧૪મો પદવીદાન સમારોહ યોજાયો

ગાંધીનગર ખાતેની ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજીનો ૧૪મો પદવીદાન સમારોહ આજે ડીએ-આઈઆઈસીટી કેમ્પસમાં યોજાયો હતો. આ પ્રસંગે ૪૩૭ વિદ્યાર્થીઓને તેમની ડિગ્રી એનાયત કરાઈ હતી. જેમાંથી ૧૧ પીએચડી સ્કોલર્સનો પણ સમાવેશ થાય છે.

ઈન્ડિયન સ્ટેટસ્ટિકલ ઈન્સ્ટિટયુટના ડિરેકટર પ્રોફેસર સંઘમિત્રા બંદોપાધ્યાય પદવીદાન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે તેઓ કમ્પ્યુટર સાયન્ટિસ્ટ છે અને કમ્પ્યુટેશનલ બાયોલોજીમાં નિપૂણતા ધરાવે છે. એન્જિનિયરિંગ સાયન્સમાં શાંતિ સ્વરૂપ ભટનાગર પ્રાઈઝ મેળવ્યું છે અને તેમણે મુખ્યત્વે ઈવોલ્યુશનરી કમ્પ્યુટેશન, પેટર્ન રેકગ્નિશન, મશીન લર્નિંગ અને બાયોમેટ્રિક્સમાં રિસર્ચ કર્યું છે. ઈન્ડિયન સ્ટેટસ્ટિકલ ઈન્સ્ટિટયુટના ડિરેકટર તરીકે તેઓ તમામ પાંચ કેન્દ્રોની કામગીરી તથા દેશભરમાં ફેલાયેલા સ્ટેટિસ્ટિકલ કવોલોટી કંટ્રોલ અને ઓપરેશનલ રિસર્ચ યુનિટ ઉપર દેખરેખ રાખે છે.

પ્રેસિડેન્ટસ ગોલ્ડ મેડલ વિજેતા વિદ્યાર્થીઓમાં પંચાલ પાર્થ દિક્ષિતભાઈ બી.ટેક (ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજી), ઝરણા પરેશકુમાર પારેખ બી.ટેક (ઓનર્સ) ઈન આઈસીટી વીથ માઈનોર ઈન કમ્પ્યુટેશનલ સાયન્સ, દેસાઈ મીત નીતિન એમટેક (ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજી), સુનિલ સુરેશ ચાવલા એમએસસી (ઈન્ફર્મેશનલ ટેકનોલોજી), પટેલ અશ્વિનિબેન કનુભાઈ-એમએસસી (ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજી-એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ) તથા સૌરવ શર્મા, એમ.ડેસ. (કમ્યુનિકેશન ડિઝાઈન)નો સમાવેશ થાય છે.

## સે. ૬ના જરૂરિયાતમંદ બાળકોને નાસ્તાનુ વિતરણ

ગાંધીનગરના સેવાભાવી યુવાનો દ્વારા સેક્ટર-૬ની ઝુંપડપટ્ટીમાં વસતા જરૂરિયાતમંદ વર્ગના શ્રમજીવી પરિવારોના બાળકોને તથા વડીલોને ગરમાગરમ બટાકા પૌઆ તથા બિસ્કિટનો નાસ્તો પીરસવામાં આવ્યો હતો. આ કાર્યમાં નાસ્તાના દાતા રવિભાઈ ક્ષત્રિય ઉપરાંત હેપ્પી યુથ ક્લબના પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર વિજયસિંહ માજીરાણા તથા ગિરીશસિંહ વાઘેલા અને 'હમ' ગૃપના યુવા સ્વયંસેવકો જોડાયા હતા.

